




**તા. ૩૧/૭/૨૫ : મૂવી ડે :** પૂર્વ પ્રાથમિક ગુ.મા. ના વિદ્યાર્થીઓને સરપ્રાઇઝ પાર્ટી કરાવી. જેમા બાળકો પોતાના મિત્રો સાથે મૂવી જોવા જવું. થયેટરમાં જઇ ટિકીટ ખરીદવી. પોપકોર્ન, જ્યુશ જેવી વસ્તુ જાતે ખરીદી કરવી. મૂવી હોલમાં શાળાના મિત્રો સાથે મૂવી જોવાની મજા માણવાનો અનુભવ કરે તેવી સુંદર વ્યવસ્થા શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી. આ મૂવી દિવસને બાળકો માટે યાદગાર બનાવવા શિક્ષકો ખૂબ મહેનત કરી જેમાં બાળકોના આનંદનો કોઇ પાર ન રહયો હતો.અને ધ ડાયનાસોર મૂવી નિહાળી બાળકો ખૂબ ખુશ થયા હતા.









**તા. ૮/૮/૨૫ : રક્ષાબંધનની ઉજવણી :** રક્ષાબંધનનો તહેવાર બહેન ભાઇનાં પ્રેમનાં પ્રતિક તરીકે ઓળખી ઉજવવામાં આવે છે. આ તહેવારમાં બહેન પોતાનાં ભાઇને રાખડી બાંધે છે. અને ભાઇબહેનને સુંદર ભેટ આપી તેની રક્ષા કરવાનું વચન આપે છે.બાળકોને શિક્ષકો દ્વારા રક્ષાબંધનનું શું મહત્વ છે તે સમજાવી નાની બાળાઓના હાથે પોતાના નાના ભાઇઓના હાથે રાખડી બંધાવી પર્વની ઉજવણી કરવામાં આવી.









**તા. ૧૩/૮/૨૫ : સ્વાતંત્ર્યદિનની ઉજવણી :** સ્વાંતત્ર્ય પર્વની ઉજવણી રૂપે શિશુ- વિભાગના ભૂલકાંઓને હાથમાં તિરંગાના રંગ એટલેકે કેસરી, સફેદ અને લીલો રંગ લગાવી હાથની છાપ પાડી સુંદર મજાના ધ્વજનું ચિત્ર બનાવ્યું હતું. જે બાળકોને ખૂબ જ ગમ્યું. જેમાં બાળકો વંદે માતરમ્ના નારાઓ બોલાવી ખૂબ ખૂશ થયા હતા.

**આંસુ આપણાં લીધે ન આવે, પણ આપણાં માટે આવે.**



